સુરતમાં હવે પોલીસ કર્મચારી પણ સુરક્ષિત નથી : ટ્રાફિક ક્લિયર કરવું ભારે પડ્યું

સુરત પોલીસ કમિશનરના PA પર હુમલો, નાકના ભાગે ફ્રેક્ચર

કાર ચાલકે અક્ષયનું ગળું પકડી પોતાની પાસે રહેલા પંચ વડે મોઢા અને નાકના ભાગે માર માર્યો,

(પ્રતિનિધિ) સુરત, તા.6

સુરતમાં હવે પોલીસ કર્મચારી પણ સુરક્ષિત નથી. સુરત શહેરમાંથી કાયદો-વ્યવસ્થાને પડકારતી ગંભીર ઘટના સામે આવી છે. ટ્રાફિક હટાવવા ગયેલા પોલીસ કમિશનરના PA તરીકે ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અક્ષય આહીર પર બેફામ હુમલો કરવામાં આવ્યો છે. ઘટના નાના વરાછા ઢાળ પાસે બની હતી, જ્યાં ટ્રાવેલ્સ બસોના જમાવડાના કારણે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. રાત્રે 10 વાગ્યા બાદ ફરજ પૂરી કરીને ઘરે જતાં અક્ષય આહીરને ટ્રાફિક નજરે પડતા તેમણે ફરજભાવથી વાહન રોક્યું અને ટ્રાફિક ક્લિયર કરવા ઉતર્યા. તે સમયે લક્ઝરી બસમાંથી ઉતરેલા બે લોકો અને એક કાર ચાલકે મળીને કોન્સ્ટેબલ સાથે ઉગ્ર બોલાચાલી કરી અને બાદમાં હુમલો કર્યો. કાર ચાલકે અક્ષયનું ગળું પકડી પોતાની પાસે રહેલા પંચ વડે મોઢા અને નાકના ભાગે માર માર્યો, જ્યારે બસમાંથી ઉતરેલા બે લોકોએ તેમને પકડી રાખ્યા.

હુમલા દરમિયાન અક્ષય આહીરે પોતાનું પોલીસ આઈકાર્ડ બતાવ્યું છતાં હુમલાખોરો અટક્યા નહોતા. આ ઘટનામાં અક્ષય આહીરને નાકના ભાગે ફ્રેક્ચર થતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. હુમલાખોરની કારમાંથી ભાજપનો ખેસ મળતા ઘટનાએ રાજકીય ચર્ચા પણ જગાવી છે.

કાર માલિકનું નામ દિવ્યેશકુમાર વલ્લભભાઈ કસલા હોવાનું અને તે કતારગામ નારાયણ નગર સોસાયટીમાં રહેતો હોવાનું સામે આવ્યું છે. કાપોદ્રા પોલીસે કાર કબજે કરી કાર ચાલક સહિત ત્રણ અજાણ્યા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગરના સુઘડની સ્કૂલમાં "પરીક્ષા પે ચર્ચા"ના નવમા સંસ્કરણમાં CM સહભાગી થયા

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓમાં પરીક્ષા અંગે રહેલા ડર અને નિષ્ફળતાનો ભય દૂર કરવાની પ્રેરણા પૂરી પાડતો લોકપ્રિય કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા' દેશ ભરમાં શરૂ કરાવ્યો છે. વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓ સહિતની વાર્ષિક પરીક્ષા પૂર્વે આ માટેનું ગહન માર્ગદર્શન તેઓ પાછલા 8 વર્ષથી 'પરીક્ષા પે ચર્ચા'ના આ ઉપક્રમમાં પુરૂ પાડે છે. આ વર્ષે 'પરીક્ષા પે ચર્ચા'ના નવમાં સંસ્કરણમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરના સુઘડ ખાતેની આનંદ નિકેતન શાળાના છાત્રો સાથે સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્તમાન સમયમાં વિદ્યાર્થીઓમાં વધી રહેલા મોબાઈલ ફોનના વળગણ અંગે ટીપ્પણી કરતાં કહ્યુ કે, બાળકો જેમ અભ્યાસ, વાંચન, રમત-ગમતનો સમય અને ટાઈમ ટેબલ નિયત કરે છે તેમ મોબાઈલ જોવાનો પણ કોઈ ચોક્કસ સમય નક્કી કરે, મોબાઈલની આદત ન કેળવે તેવી પણ તેમણે શિખ આપી હતી.

સિંહોની મૂવમેન્ટ પર વોચ રાખવા 115 કિમી વિસ્તારમાં AI-આધારિત ઇન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટમ લાગુ કરાશે

ગીર જંગલમાં વન્યજીવો, ખાસ કરીને એશિયાટિક સિંહોની સુરક્ષા માટે વધુ 5 અંડરપાસ બંધાઈ રહ્યા છે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

ગીર જંગલમાં વન્યજીવો, ખાસકરીને સિંહોની મૂવમેન્ટ માટે હાલ બે અંડરપાસ કાર્યરત છે. હવે સિંહોની સુરક્ષા વધારવા 5 વધુ અંડરપાસ માટે બાંધકામ હાથ ધરાઈ રહ્યું છે. આ ઉપરાંત, ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને સિંહ વન્યજીવ અભયારણ્યની અંદર પશ્ચિમ રેલ્વેના ભાવનગર ડિવિઝન હેઠળના દામનગર-પીપાવાવ સેક્શનના 115 કિમી વિસ્તારમાં સિંહોની મૂવમેન્ટ પર નજર રાખવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ઈન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટમના (IDS) અમલીકરણને મંજૂરી આપી દેવાઈ છે.

લોકો પાઈલટ્સ, સ્ટેશન માસ્ટર્સ અને કંટ્રોલ રૂમને રેલ્વે ટ્રેકની નજીક સિંહોની મૂવમેન્ટ વિશે એલર્ટ જનરેટ કરવા આ સિસ્ટમ બનાવાઈ છે, જેથી અકસ્માતોની રોકથામની કામગીરી હાથ ધરી શકાય. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ઉઠાવેલા એક પ્રશ્નના જવાબમાં રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે 06 ફેબ્રુઆરી, 2026ના રોજ આ માહિતી પૂરી પાડી હતી.

મંત્રીના નિવેદન મુજબ, ગીર જંગલ વિસ્તારમાંથી પસાર થતું હાલનું રેલ્વે નેટવર્ક મીટરગેજ (MG) સેક્શન છે.

આમાંના ઓળખાયેલા સિંહોની મૂવમેન્ટવાળા કોરિડોરમાં વન્યજીવોની સલામતી માટે ટ્રેનો ધીમીગતિએ દોડાવાય આવે છે. રેલવે અને વન વિભાગ વચ્ચે સંકલન માટે, સમીક્ષા સમિતિઓ એટલે કે સર્કલ લેવલ કમિટી, ડિવિઝનલ લેવલ કમિટી અને રેન્જ લેવલ કમિટીની સ્થાપના કરાઈ છે.

આ કમિટીઓની બેઠકો અનુક્રમે ત્રિમાસિક, દ્વિમાસિક અને માસિક ધોરણે યોજાય છે. આ બેઠકોમાં ચર્ચા કરાયેલા મુદ્દાઓને રેલવે સક્રિયપણે ઉકેલી રહ્યું છે.

નથવાણી એ જાણવા માગતા હતા કે એશિયાટિક સિંહોના રક્ષણ માટે ગીર જંગલમાં એલિવેટેડ રેલ કોરિડોર બનાવવાની સરકારની કોઈ યોજના છે કે કેમ; અને જો હોય તો, તેના શક્યતાદર્શી અભ્યાસ, ફન્ડિંગ અને અપેક્ષિત પૂર્ણાહૂતિની સમયરેખાની વિગતો સહિત આ પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ શું છે.

16 હોસ્ટેલ્સમાંથી આશરે 700 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

MSU ના હોલ્સ ઑફ રેસિડન્સ દ્વારા ઈન્ટર હોસ્ટેલ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું આયોજન

એમ. વી. હોલે સર્વાધિક ટ્રોફીઓ પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

હોલ્સ ઓફ રેસિડન્સ દ્વારા આયોજિત ઈન્ટર હોસ્ટેલ સ્પોર્ટ્સ ફેસ્ટ 2026નું ભવ્ય આયોજન યુનિવર્સિટી પેવેલિયન ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં હોલ્સ ઓફ રેસિડન્સ હેઠળની કુલ 16 હોસ્ટેલ્સમાંથી આશરે 700 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેના કારણે સમગ્ર યુનિવર્સિટી પરિસરમાં રમતોત્સવનો આનંદ અને ઉત્સાહ છવાઈ ગયો.

સ્પોર્ટ્સ ફેસ્ટ 2026નું ઉદ્ઘાટન માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. પોતાના ઉદ્ઘાટન ભાષણમાં તેમણે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રમતગમતની મહત્વતા પર ભાર મૂક્યો અને રમતગમતને જીવનમાં શિસ્ત, સંયમ તથા ટીમભાવના વિકસાવવાનું મહત્વપૂર્ણ સાધન ગણાવ્યું. રમતોત્સવ દરમ્યાન ખો-ખો વૉલીબૉલ, ટેબલ ટેનિસ, બેડમિંટન, ચેસ, કેરમ, લૉંગ જંપ, ગોળા ફેંક, ભાલા ફેંક, 100 મી તથા 400 મી રનિંગ જેવી વિવિધ ઇન્ડોર તથા આઉટડોર રમતો અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ રમતિયાળ ભાવના, સમર્પણ અને સ્પર્ધાત્મક ભાવનાનું પ્રદર્શન કર્યું. કાર્યક્રમનું સમાપન રજિસ્ટ્રારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. સમાપન સમારોહ દરમિયાન આયોજિત પુરસ્કાર વિતરણ સમારોહમાં વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. પ્રત્યેક બોયઝ હોસ્ટેલ માંથી એમ. વી. હોલે સર્વાધિક ટ્રોફીઓ પ્રાપ્ત કરીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, જ્યારે ગર્લ્સ હોસ્ટેલ માંથી એસ. ડી. હોલે સર્વાધિક ટ્રોફીઓ પ્રાપ્ત કરી પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. કાર્યક્રમના અંતે ચીફ વોર્ડન મેજર ડૉ. વિજય પરમાર દ્વારા આભારવિધિ કરવામાં આવી.

માનસિક અને ભાવનાત્મક સમસ્યાઓના ઉકેલો

બ્રહ્માકુમારીઝ અટલાદરા દ્વારા ઉદ્યોગ તેમજ વેપાર સંબંધિત સેમિનારનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.8



સંસ્થાના વરિષ્ઠ રાજયોગ પ્રશિક્ષક, મોટીવેશનલ સ્પીકર, સલાહકાર અને મેનેજમેન્ટ ટ્રેનર ડૉ. ઈ.વી. સ્વામીનાથન બ્રહ્માકુમારીઝ અટલાદરાની મુલાકાતે આવી રહ્યા છે. રોટરી એક્સેલન્સ એવોર્ડ અને નેશન બિલ્ડર એવોર્ડથી સન્માનિત, ડૉ. સ્વામીનાથન છેલ્લા 30 વર્ષથી સામાજિક ક્ષેત્ર, કોર્પોરેટ જગત અને આર્મી કોલેજોમાં મૂલ્યવાન સેવાઓ આપી રહ્યા છે. વડોદરા શહેરમાં તેઓની ઉપસ્થિતિમાં તેઓ દ્વારા, 8 ફેબ્રુઆરી, રવિવારના રોજ સવારે 10:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી બિઝનેસ લીડર્સ માટે માનસિક અને ભાવનાત્મક સમસ્યાઓના ઉકેલો વિષય પર એક ખાસ સત્ર યોજાશે. ભાવનાત્મક તણાવનો સામનો કરી રહ્યા છે, જે તેમના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે અને ઘણીવાર વ્યક્તિગત અને પારિવારિક જીવન માટે સમય કાઢવામાં મુશ્કેલી પડે છે. આ સમયમાં, આ પણે સકારાત્મક વિચારો અને સરળ ધ્યાનની શક્તિ દ્વારા આપણા જીવનને સંતુલિત કેવી રીતે કરવું? અને તણાવમુક્ત, સુખી જીવન કેવી રીતે બનાવવું ? આ વિષય પર ડૉ. સ્વામીનાથના ખૂબ જ ઉપયોગી સત્રનો લાભ સર્વ ઉદ્યોગપતિઓને મળશે.

ચાર્જઝોને કંપની-વ્યાપી સુરક્ષા પહેલ સાથે રોડ સેફટી મહિનાનું સફળ અવલોકન કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

ભારતની અગ્રણી ઈલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ નેટવર્ક કંપનીઓમાંની એક ChargeZoneએ સ્વચ્છ મોબિલિટી સાથે સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા રોડ સેફ્ટી મહિનાનું વ્યાપક અને અસરકારક રીતે અવલોકન કર્યું. આ મહિના લાંબી પહેલનો હેતુ કર્મચારીઓ, ડ્રાઈવરો અને સમગ્ર મોબિલિટી ઈકોસિસ્ટમમાં સુરક્ષિત તથા જવાબદાર વાહન વ્યવહાર પ્રત્યે જાગૃતિ વધારવાનો હતો.

કંપનીની EHS ટીમના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ અભિયાનમાં રોડ સેફ્ટી પ્રતિજ્ઞાઓ, મેદાન પર જાગૃતિ અભિયાન, ડિફેન્સિવ ડ્રાઈવિંગ સત્રો, રાઈડર અવેરનેસ વર્કશોપ્સ, વાહન ઓડિટ્સ અને જોખમ મૂલ્યાંકનોનો સમાવેશ કરવામાં આવ્યો. ChargeZone અને BillionE ફ્લીટના ડ્રાઈવરો માટે વિશેષ તાલીમ કાર્યક્રમો યોજાઈ એકરૂપ સુરક્ષા સંસ્કૃતિ વિકસાવવામાં આવી.

ટેક્નોલોજી આધારિત પહેલોમાં બારકોડ સક્ષમ વાહનો, GPS આધારિત ડ્રાઈવર વર્તન ટ્રેકિંગ અને ડ્રાઈવિંગ સિમ્યુલેટર્સનો સમાવેશ થયો. સાથે જ, કર્મચારીઓના બાળકો માટે રોડ સેફ્ટી સૂત્ર સ્પર્ધા યોજી પેઢીદર જાગૃતિ વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.આ વિષય પર કિન્નરી હરિયાણી, ડિરેક્ટર - ChargeZoneએ જણાવ્યું કે, "સુરક્ષા અને ટકાઉપણું સાથે ચાલે છે. જ્યારે સુરક્ષા સહભાગી સંસ્કૃતિ બને છે.

સંગીતનો પાંચ વર્ષનો ઊંડો અને સઘન અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને તક અપાઈ

મ.સ.યુનિવર્સિટીની પર્ફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓના સભા ગાયનનો પ્રારંભ

ભારતીય શાસ્ત્રીય સંગીતના મહાન પુરોધાઓ પંડિત એસ.એન. રાતનજનકર તથા ઉસ્તાદ ફૈયાઝ ખાનની સ્મૃતિને કાર્યક્રમ સમર્પિત કરાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

મહારાજા સયાજીરાવ યુનુવર્સીટીના ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સ અંતર્ગત ભારતીય શાસ્ત્રીય સંગીત ગાયન વિભાગ દ્વારા અનુસ્નાતક વિદ્યાર્થીઓના ગાયન કાર્યક્રમ સભા ગાયનનો પ્રારંભ યુનિવર્સિટી સોંગ દ્વારા વિધિવત રીતે કરવામાં આવ્યો હતો.દ્વિદિવસીય કાર્યક્રમ ભારતીય શાસ્ત્રીય સંગીતના મહાન પુરોધાઓ પંડિત એસ.એન. રાતનજનકર તથા ઉસ્તાદ ફૈયાઝ ખાનની સ્મૃતિને સમર્પિત કરવામાં આવ્યો હતો.

ભારતીય શાસ્ત્રીય સંગીત ગાયન વિભાગના વડા ડો.રાજેશ કેલકરે જણાવ્યું કે માસ્ટર્સ ડિગ્રીના વિદ્યાર્થીઓ જ્યારે શાસ્ત્રીય સંગીતનો પાંચ વર્ષનો ઊંડો અને સઘન અભ્યાસ પૂર્ણ કરીને પાસઆઉટ થવાના હોય છે, ત્યારે તેમને વિભાગ દ્વારા સૌપ્રથમ મંચ પર પોતાની કલા પ્રસ્તુત કરવાની તક આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય સભા ગાયન કાર્યક્રમ દ્વારા સિદ્ધ કરવામાં આવે છે. સાથે સાથે, આ દ્વિદિવસીય કાર્યક્રમ ભારતીય શાસ્ત્રીય સંગીતના મહાન પુરોધાઓ પંડિત એસ.એન. રાતનજનકર તથા ઉસ્તાદ ફૈયાઝ ખાનની સ્મૃતિને સમર્પિત કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે મુખ્ય અતિથિ તરીકે પ્રસિદ્ધ નેત્રરોગ વિશેષજ્ઞ ડો.આનંદ સુધાળકર તથા વિશિષ્ટ અતિથિ તરીકે જાણીતા ગાયક ડો. માહી યાજ્ઞિક એમબીબીએસ ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રજ્વલન બાદ કાર્યક્રમને ઔપચારિક રીતે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પ્રથમ દિવસના કાર્યક્રમમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ દર્શન પરમાર, હેત સોની, સંજુક્તા રોય, પ્રજક્તા જોશી, રિયા ગુપ્તા, હરિન નાણાવટી, હાર્મની ભોજક, જેનિલ ગોસાઈ તથા ઋષવ શ્રીમાળી દ્વારા રાગ મારુબિહાગ, ભૈરવ, બૈરાગી, આહીર ભૈરવ તથા શુદ્ધ સારંગ જેવા રાગોની રજૂઆતો કરવામાં આવી.

ગાંધીનગરમાં ભાગવત કથાના છઠ્ઠા દિવસે મુખ્યમંત્રીએ કથા શ્રવણ કરીને આરતીનો લાભ લીધો

(પ્રતિનિધિ) ગાંધીનગર, તા.6

ગાંધીનગરમાં પર્યાવરણ જાગૃતિ માટે સેવારત નેચર ફર્સ્ટ ફાઉન્ડેશન અને સૌ પ્રકૃતિ પ્રેમીઓના સહયોગથી આ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા ઉત્સવ તા. ૧ ફેબ્રુઆરી રવિવારથી ૭ ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી યોજાઈ રહી છે. આ કથાના છઠ્ઠા દિવસે મુખ્યમંત્રીશ્રીએ કથા શ્રવણ કરીને વ્યાસપીઠની આરતીનો લાભ લીધો હતો. કથાના મુખ્ય વક્તા તરીકે સુપ્રસિદ્ધ ભાગવત કથા કાર પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા વ્યાસપીઠ પરથી ભાગવત કથાનું અમૃતપાન કરાવી રહ્યાં છે. ભાવિ પેઢીને કુદરતી આફતો સામે સુરક્ષિત કરવાના તેમજ જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી આ કથા કોઈ પણ જાતના મંડપ કે પંડાલ વિના પ્રકૃતિના સંપૂર્ણ સાનિધ્યમાં વૃક્ષોની વનરાજી વચ્ચે સેક્ટર-૬માં યોજાઈ રહી છે.

અલ્બર્ટા ઇન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટરો શહેરની મુલાકાતે

ભારત અને કેનેડા વચ્ચે દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને ઉદ્યોગ સહકારને વેગ મળશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

આગામી વર્ષ ૨૦૩૦માં અમદાવાદ ખાતે કોમનવેલ્થ ગેમનું આયોજન થવા જઈ રહ્યું છે ત્યારે ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ, ગુજરાત કચેરીની અલ્બર્ટા ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટર વિશાલ ઝવેરીએ મુલાકાત લીધી હતી. જે વિશે માહિતી આપતા ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલના ચેરમેન વિરલ ચૌધરીએ જણાવ્યું હતું કે, ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ, ગુજરાત ઓફીસ ખાતે અલ્બર્ટા ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સના ડિરેક્ટર વિશાલ ઝવેરીજીની મુલાકાતથી ભારત અને કેનેડાના અલ્બર્ટા પ્રાંત વચ્ચે દ્વિપક્ષીય વેપાર, રોકાણ અને ઉદ્યોગ સહકારને વેગ મળશે.

આ સાથે કૃષિ-પ્રોસેસિંગ, ઊર્જા, ગ્રીન ટેકનોલોજી, શિક્ષણ, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, મેન્યુફેક્ચરિંગ અને MSME સેક્ટર વચ્ચે સહકારમાં પણ વધારો થશે. ઉપરાંત આવનારા સમયમાં B2B મીટિંગ્સ, સંયુક્ત સેમિનાર, ટેકનોલોજી ટ્રાન્સફર અને ઉદ્યોગ એક્સચેન્જ પ્રોગ્રામ્સનું પણ સફળતા પૂર્વક આયોજન કરવામાં આવશે. જે માટે આવનારા સમયમાં અનેક MoU પણ કરવામાં આવશે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૫૬૧૧૩૪૧૪	હોમ લોન	૧. બારીયા ઠાકોરભાઈ ૨. બારીયા ગીતાબેન	૧૭.૦૧.૨૦૨૬	રૂા.૫,૫૫,૭૧૮.૨૨

મિલકતનું સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગ્રામ પંચાયત મિલકત નં. ૬૧૮ ઘર નં. ૫, જમીન/પ્લોટ એરીયા ૮૦૪ ચો. ફુટ મુ. ગામ સંઘરા પંચાયત, ગરડા તા. શંખેડા, જી. છોટાઉદેપુર, ગુજરત–૩૯૧૧૪૫ ખાતે આવેલ છે. **જેની ચર્તુદિશા પુર્વ તરફ :** રોડ, **પશ્ચિમ તરફ :** માલિક નો વાડો, **ઉત્તર તરફ :** બારીયા નારણભાઈ જેઠાભાઈ નું ઘર, **દક્ષિણ તરફ :** બારીયા ભરતભાઈ કંચનભાઈ નું ઘર

૨.	૫૫૨૪૭૧૫૬ અને ૯૭૭૨૫૮૨૪	રૂલ્સ સામે લોન	૧. શ્રીધિકભાઈ પાટણવાડિયા ૨. દક્ષાબેન પાટણવાડિયા	૧૩.૧૨.૨૦૨૫	રૂા.૫,૬૧,૨૦૪.૩૭

મિલકતનું સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત નં.૫૦/૧, મિલકત એરીયા ૨૧૪૬.૪૫ ચો. ફુટ ખોડિયાર માતા મંદિર ફળિયુ, નવાપુરા ભાગોલ, મુ. ભીલાપુર, તા. ડભોઈ, જી–વડોદરા, ગુજરાત–૩૯૧૧૦૩ ખાતે આવેલ છે. **જેની ચર્તુદિશા પુર્વ તરફ :** પાટણવાડિયા નાગજીભાઈ મોહનભાઈ ની મિલકત, **પશ્ચિમ તરફ :** પાટણવાડિયા અમરસંગ ગોવિંદભાઈ ની મિલકત, **ઉત્તર તરફ :** પાટણવાડિયા જેશંગભાઈ મોહનભાઈ ની મિલકત, **દક્ષિણ તરફ :** પાટણવાડિયા રાજેન્દ્ર હિમ્મતભાઈ

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી વ્યાજ અને અન્ય ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેલી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૭.૦૨.૨૦૨૬
સ્થળ : વડોદરા, ગુજરાત

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નંબર 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ.વી. રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069
વડોદરા શાખા: ઓફીસ નં. - 404, ચોથો માળ, એટલાન્ટીસ કોમ્પ્લેક્સ, પેટ્રોલ પંપની સામે, સારાભાઈ રોડ, વડોદરા - 390001 (ગુજરાત).

ઈ-હરાજી - વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 ના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 (6) ના પ્રાવધાન સાથે વંચાણે લેતા સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદારો અને જામીનદારોને આથી નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ ગીરો મૂકેલી સ્થાવર મિલકત, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જેમ છે જ્યાં છે", "જે છે તે સ્થિતિમાં", અને "જે કંઈ પણ છે" ના ધોરણે કોઈપણ અજાણ્યા બોજા વગર કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:

ક્રમ	દેવાદારો) / સહ-દેવાદારો / જામીનદારો	માંગણી નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઈસ (RP)	EMD (RP ના 10%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. 03810000423/ વડોદરા શાખા) ગૌરવકુમાર અગ્રવાલ (દેવાદાર) શીતલ અગ્રવાલ (સહ-દેવાદાર)	12-04-2025 & ₹ 37,14,570/-	પ્રોપર્ટીનો તમામ ભાગ અને પાર્સલ, GF બ્લોક નં. 37 પટેલ પાર્ક કો.ઓપ હાઉસિંગ સોસાયટી લિ. વારસિયા રોડ, વડોદરા, ગુજરાત 390006. સીમાઓ: પૂર્વ- બ્લોક નં. C-36, પશ્ચિમ- બ્લોક નં. C-38, ઉત્તર- બ્લોક નં. C-40, દક્ષિણ- T.P રોડ	₹ 30,10,000/-	₹ 3,01,000/-	વાસ્તવિક

1. કેવાયસી (KYC), ટેન્ડર ફોર્મ અને સ્વીકૃત નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સાથે અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) ના ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) સબમિટ કરવાની છેલ્લી તારીખ 26-02-2026 ના રોજ સાંજે 5:00